મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૨-૦૨-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૦૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

### ૨૭ ટકા ઉપરાંતના ઓબીસી ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે ઉતારી ભાજપે પોતાનું ઓબીસી કાર્ડ ખેલ્યું છે

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપાએ ઓબીસી અનામત ૨૭% પણ ટિકિટ ૩૫%થી વધુને, ૮૦ મુસ્લિમને પણ તક મળી

**ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવાર જાહેર કર્યા, ઓબીસી કાર્ડ ખેલ્યું**

**યુવાઓને તક, જાહેર થયેલાં ઉમેદવારની સરેરાશ વય ૪૦ વર્ષ**

**૫૦ ટકા અનામતના ધોરણને કારણે મહિલાઓને પણ પૂરતી તક**

**ઓબીસીની વસતી વધુ ત્યાં ૮૦ ટકા બેઠકો અપાઇ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઓબીસી પ્રતિનિધિઓ માટેની બેઠકમાં ૨૭ ટકા અનામત જાહેર થયા બાદ પ્રથમવાર પાલિકા-પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે. શુક્રવારે ભાજપે પોતાના ઉમેદવારો જાહેર કર્યા તેમાં ઓબીસી જ્ઞાતિના ઉમેદવારોને તેમની કેટેગરી ઉપરાંત બિન અનામત બેઠક પર પણ ટિકિટ આપી છે. આમ કુલ ૨૭ ટકાને સ્થાને તમામ મળીને ભાજપે ૩૫ ટકાથી વધુ ઓબીસી ઉમેદવારોને તક આપી છે. જે વિસ્તારોમાં ઓબીસી જ્ઞાતિનું પ્રમાણ વધુ છે, ત્યાં ઓબીસી પ્રતિનિધીઓનું પ્રમાણ ૮૦ ટકા જેટલું ઊંચું રહ્યું છે. ૨૭ ટકા ઉપરાંતના ઓબીસી ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે ઉતારી ભાજપે પોતાનું ઓબીસી કાર્ડ ખેલ્યું છે. આ તરફ ભાજપે ૮૦થી વધુ મુસ્લિમોને પણ ચૂંટણીના જંગમાં ઉતાર્યા છે, જે અત્યાર સુધીની ચૂંટણીઓમાં પ્રથમવાર થયું છે.

આ ઉપરાંત આ વખતે ભાજપે ૬૦ વર્ષથી નીચેના કાર્યકરોને ટિકિટ આપવાનું નક્કી કર્યું હોવાથી મહત્તમ નવા ચહેરાઓને તક મળી છે. ઘોષિત થયેલા ઉમેદવારોની સરેરાશ ઉંમર ૪૦ વર્ષ છે.

મહિલાઓને કાયદાથી પ્રાપ્ત ૫૦ ટકા અનામત મુજબ તેટલી જ બેઠકો મળી છે. ભાજપે ચૂંટણી ફોર્મ ભરવાના આખરી દિનના એક દિવસ અગાઉ જ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ઉમેદવારોની યાદી મોડી સાંજ સુધી ચાલું રહી હતી. જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૬ નગરપાલિકાઓ, કઠલાલ, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા બોટાદ અને વાંકાનેર નગરપાલિકાઓની મધ્યસત્ર ચૂંટણી અને પ્રસંગોપાત ખાલી પડેલી સંસ્થાઓની બેઠકો પૈકી મહાનગરપાલિકાઓની ૩ બેઠકો, નગરપાલિકાઓની ૨૧ બેઠકો, જિલ્લા પંચાયતોની ૯ બેઠકો તથા તાલુકા પંચાયતોની ૯૧ બેઠકોની પેટાચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થશે.

**ઉમેદવાર મુદ્દે સાંસદ-ધારાસભ્ય બાખડ્યા, બન્નેને બહાર મોકલાયા**

**વાંકાનેર નગરપાલિકા માટે ઉમેદવારોની ચયનપ્રક્રિયા શરૂ થઇ ત્યારે રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહ ઝાલા અને વાંકાનેર ધારાસભ્ય જીતુ સોમાણીએ પોતાના અલગ અલગ ઉમેદવારોની યાદી મૂકી હતી. આ મુદ્દે બન્ને નેતાઓ વચ્ચે ચકમક ઝરી હતી. ઝાલાએ કહ્યું કે, જો મારા ઉમેદવાર આવશે તો તમામને જીતાડવાની જવાબદારી હું લઇશ. મુખ્યમંત્રી સહિતના નેતાઓની હાજરીમાં બન્ને એકબીજા વિરુદ્ધ શાબ્દિક ટપાટપી પર ઉતરી આવતા તેમને પ્રદેશના નેતાઓએ ખંડની બહાર નીકળી જવા આદેશ કર્યો.**

**નામ જાહેર થયા પછી એક ઉમેદવાર બદલાયા**

**ભાજપે ક્રમબદ્ધ રીતે જિલ્લાવાર અલગ અલગ સંસ્થાઓના ઉમેદવારોની યાદી જાહેર કરવાનું શરૂ કર્યું હતું. જો કે દાહોદ જિલ્લાની દેવગઢ બારિયા નગરપાલિકાના એક ઉમેદવારનું નામ બદલાયું હતું. અગાઉ વોર્ડ-૪ માટે જાહેર થયેલા નિમેશ જોશીને બદલે વિશાલ બાલવાણીને ઉમેદવાર જાહેર કરાયા હતા.**



### કડી નંદાસણ સી.એચ.સી.ના ડો હિતેન પ્રજાપતિને મળ્યો પ્રતિષ્ઠિત એવોર્ડ

## રાજ્ય કક્ષાની પ્રથમ આરોગ્ય પરિષદમાં નંદાસણ સીએચસીના ડોક્ટરને એવોર્ડથી સન્માનિત કરાયા

(ગરવી તાકાત) કડી તા.૧

ગુજરાતમાં આરોગ્ય સેવાઓના ઉન્નતી માટે રાજ્ય કક્ષાની પ્રથમ આરોગ્ય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉદ્ઘાટન રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું આ મહત્વપૂર્ણ પરિષદમાં ગુજરાતભરના આરોગ્યવિદો અને તબીબ અધિકારીઓ એ હાજરી આપી હતી.

આ પરિષદ દરમિયાન વિવિધ આરોગ્ય વિભાગોમાં શ્રેષ્ઠ કામગીરી બજાવનાર અધિકારીઓ અને તબીબોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને ગાંધીનગર આર ડી ડી ઝોનમાંથી માત્ર એક જ ડોક્ટરને અને સમગ્ર ગુજરાતમાંથી માત્ર ૪ ડોક્ટરોને આ વિશિષ્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા



હતા. ગૌરવપૂર્ણ વાત એ છે કે કડી ના નંદાસણના સામૂહિક આરોગ્ય કેન્દ્રના ઈન્ચાર્જ અધીક્ષક ડૉ. હિતેન પ્રજાપતિ ને આ એવોર્ડ મેળવવાનો ગૌરવ પ્રાપ્ત થયો છે.

મેડિકલ ઓફિસર તરીકેની શ્રેષ્ઠ કામગીરી માટે એમ. ડી એન. એચ.એમ શ્રીમતી રેમ્યા મોહન ના હસ્તે ડૉ. હિતેન પ્રજાપતિ ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમની નિષ્ઠાપૂર્વકની સેવા, દર્દીઓ માટેની સંવેદના અને આરોગ્ય ક્ષેત્રે અપાતું યોગદાન ને આ સન્માન દ્વારા માન્યતા આપવામાં આવી છે.આ પરિષદ અને એવોર્ડ વિતરણ સમારોહ સમગ્ર રાજ્ય માટે અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે જેનાથી આરોગ્ય ક્ષેત્રમાં કામ કરી રહેલા અન્ય તબીબો અને અધિકારીઓને પણ ઉત્સાહ અને પ્રેરણા મળશે.આ એવોર્ડ થી નંદાસણ ગામ અને સમગ્ર વિસ્તાર માટે ગૌરવની લાગણી ફેલાઈ છે. ડૉ. હિતેન પ્રજાપતિ એ સાબિત કર્યું છે કે નિયમિત મહેનત,સેવા ભાવના અને સમર્પણ દ્વારા કોઈપણ વ્યક્તિ અગ્રેસર બની શકે છે આ અવસર નંદાસણ ના સહકર્મીઓ, આરોગ્ય અધિકારીઓ અને ગ્રામજનોએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### મંદીરના પૂજારી મહંત કુંભમેળામાં ગયા હોવાનો લાભ લઈ

## મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામના ગણપતિ મંદીરમાં તસ્કરોનો હાથફેરો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામના ગણપતિ મંદિરમાં તસ્કરોએ હાથફેરો કરતા ચકચાર મચી છે. મંદિરના પૂજારી મહંત પુરણભારથી કુંભના મેળામાં ગયા હોવાનો લાભ લઈ તસ્કરોએ તેમના રૂમના દરવાજાનું નકુચું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

મંદિરના ટ્રસ્ટી બાબુભાઈ પટેલની ફરિયાદ મુજબ, તસ્કરોએ રૂમમાં રહેલી તિજોરીને ચાવીથી ખોલી અંદર રાખેલા રૂ. ૫૦,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી હતી. તસ્કરોએ રૂમમાં રહેલો અન્ય સામાન પણ વેરવિખેર કરી નાખ્યો હતો.

ચોરીની જાણ થતાં મંદિરના ટ્રસ્ટીએ તાત્કાલિક મહેસાણા તાલુકા પોલીસને જાણ કરી હતી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે



આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસી તસ્કરોને પકડવા કવાયત હાથ ધરી છે.

મહેસાણા જિલ્લામાં તસ્કરોને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ દિન પ્રતિદીન ચોરીના ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. નિશાચરોને પોલીસને કોઈ જ ડરના હોય તેમ રાત્રી દરમિયાન લાખો રૂપિયાની ચોરીને અંજામ આપતાં હોવાના કિસ્સાઓ પણ અખબારના પાને ચમકતાં જોવા મળ્યા છે. આ તસકરો સામે પોલીસ તંત્ર લાલ આંખ કરે તેવી માંગણી છે.

### સાંસદ હરિભાઈ પટેલની આગેવાનીમાં બાળકોએ યાદગાર મુલાકાત કરી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંઝા તાલુકાની સુણક પ્રાથમિક શાળાના બાળકો સાથે 'સંવાદ' કર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

વિશ્વના સૌથી લોકપ્રિય રાજનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ની સુણક પ્રાથમિક શાળા (તાલુકો: ઊંઝા, જિલ્લો: મહેસાણા) ના વિદ્યાર્થીઓ એ દિલ્લી સંસદ ભવન ખાતે મુલાકાત કરી હતી.

આજના આ યાદગાર અવસરે વડાપ્રધાન શ્રી એ બાળકો સાથે મનોરમ્ય સંવાદ સાધીને, સૌને બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતુ. આ તકે બાળકો સાથે સહજ ભાવે ગુજરાતીમાં સંવાદ કરતા વડાપ્રધાન શ્રીનું ગુજરાતી પણું સ્પષ્ટપણે દેખાઈ આવ્યું હતું.

વડાપ્રધાન શ્રી એ બાળકોને અને સાથે રહેલા સૌને પોતીકાપણાનો અનુભવ કરાવ્યો હતો

બજેટ સત્રના કારણે વ્યસ્ત હોવા છતાં પણ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને સૌ સાથે મુલાકાત કરવા બદલ મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો તેમ જ તેમનું સૌ હાર્દ પૂર્ણ વાત્સલ્ય સૌને યાદગાર રહેશે એમ પણ જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નો આભાર કરતા તેમને જણાવ્યું હતુ કે માનનીય વડાપ્રધાન શ્રી ને સઘળું માર્ગદર્શન સદૈવ પ્રેરણા આપતું રહેશે.



**બજેટ સત્રના કારણે વ્યસ્ત હોવા છતાં પણ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને સૌ સાથે મુલાકાત કરવા બદલ મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો તેમ જ તેમનું સૌ હાર્દ પૂર્ણ વાત્સલ્ય સૌને યાદગાર રહેશે એમ પણ જણાવ્યું હતું.**


### બાસણા મર્ચન્ટ કોલેજની વિદ્યાર્થીના આપઘાત પ્રકરણે નવો વળાંક આવ્યો

## મહેસાણા ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશને વકીલોને આરોપી પ્રોફેસરોનો કેસ નહિ લડવા વિનંતી કરતો પત્ર પાઠવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણાના બાસણા મર્ચન્ટ કોલેજ કેમ્પસમાં આવેલી હોમિયોપેથિક કોલેજની વિદ્યાર્થિનીના આપઘાત પ્રકરણે નવો વળાંક આવ્યો છે. કોલેજના પ્રોફેસરોના કથિત માનસિક ત્રાસને કારણે વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી હતી, જે મામલે પાંચ પ્રોફેસરો સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ છે.

આ કેસમાં મૃતક વિદ્યાર્થિનીના





પિતા વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી, મહેસાણા ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને તેમને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. બાર એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્ર એન. બારોટે મહેસાણાના તમામ વકીલોને પત્ર લખીને આરોપી પ્રોફેસરોનો કેસ ન લડવા વિનંતી કરી છે.

આ પગલું વકીલ સમાજની એકતા અને ન્યાય માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બાર એસોસિએશનનું આ પગલું પીડિત પરિવારને ન્યાય અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ ઘટના બાદ સમગ્ર શૈક્ષણિક જગતમાં ખળભળાટ મચી ગયો છે અને વિદ્યાર્થીઓની સુરક્ષા અને માનસિક સ્વાસ્થ્ય અંગે ગંભીર ચર્ચાઓ શરૂ થઈ છે.

## ઐઠોરમાં મહાસુદ બીજ નિમિત્તે શ્રી રામદેવપીર મહારાજના મંદિરે ભજનનો કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

ઊંઝા તાલુકાના ઐઠોર ગામમાં આવેલા શ્રી રામદેવપીર મહારાજના મંદિરે ગઈકાલે રાત્રે ભવ્ય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહા સુદ બીજ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ગામના તળાવના કિનારે મુખ્ય રસ્તા પર આવેલા રામદેવપીર મહારાજના મંદિરમાં રાત્રે ૯ વાગ્યાથી શરૂ થયેલો આ કાર્યક્રમ મોડી રાત સુધી ચાલ્યો હતો. પ્રખ્યાત ભજનિક મિતેશ બાપુએ તેમના મધુર અવાજ



અને સંગીતથી ભજનોની રમઝટ બોલાવી હતી. તેમણે તાલબદ્ધ રીતે રજૂ કરેલા ભજનોએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.કાર્યક્રમના અંતે બાબાની આરતી કરવામાં આવી હતી અને ધૂપ-દીપ સાથે ભાવપૂર્ણ વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ભજન સંધ્યામાં ગામના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને ભક્તિભાવપૂર્વક કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.




# ભારતીય ન્યાય વ્યવસ્થા ઉપર બીબીસીનો પ્રહાર

ગુજરાત રમખાણોને લઈને બ્રિટનની રાષ્ટ્રીય પ્રસારક બીબીસીની ડોક્યુમેન્ટ્રીને કઈ શ્રેણીમાં મૂકવી? શું તેને પત્રકારત્વ કહેવાય કે પછી ભારત પ્રત્યે ઘૃણા? આ ઘટનાક્રમમાં ભારત સરકારની જે પ્રતિક્રિયા આવી છે, તેના પર અલગથી ચર્ચા થઈ શકે છે. આ પહેલી વાર નથી બન્યું કે ડાબેરી ઝોક ધરાવતા બીબીસીએ કોઈ ભારત વિરોધી રિપોર્ટ કે ડોક્યુમેન્ટ્રી બનાવી હોય અને ભારત સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો હોય. ૧૯૬૮-૭૧માં તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની સરકાર દ્વારા બીબીસી પર મૂકાયેલો પ્રતિબંધ તેનું પ્રમાણ છે. ખુદ બ્રિટિશ સરકારો-રાજનેતાઓ (માર્ગારેટ થેચર સહિત) સાથે પણ બીબીસીનો જૂનો વિવાદ રહ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં જે પ્રકારે બીબીસીએ ૨૦ વર્ષ જૂના પ્રકરણ પર વિકૃત રિપોર્ટ રજ કર્યો છે, તે બ્રિટિશ અધિનાયકવાદથી પ્રેરિત છે, જેણે ૧૯મી શતાબ્દીમાં કમજોર કડીઓ શોધીને સમયાંતરે ડાબેરીઓ અને જેહાદીઓ સાથે મળીને ભારતનું રક્તરંજિત વિભાજન કરીને પાકિસ્તાનને જન્મ આપ્યો. આ જ વૈચારિક ત્રિપુટી સામુહિક અને વ્યક્તિગત રૂપે ખંડિત ભારતને ફરીથી ટૂકડા કરવાનો પ્રયાસ કરી રહી છે.

પહેલી વાત એ કે ૨૦૦૨નાં ગુજરાત રમખાણો ના તો ભારતની પહેલી સાંપ્રદાયિક હિંસા હતી, ના છેલ્લી. બીબીસીની સેવાઓ ૧૦૧વર્ષથી ચાલી રહી છે અને એ દરમ્યાન દેશની અંદર ખિલાફત આંદોલન (૧૯૧૯-૨૪), મોપલા-કોહાટ નરસંહાર, લોહિયાળ કલકત્તા ડાયરેક્ટ એક્શન ડેથી માંડીને રાંચી-હટિયા (૧૯૬૭), મુરાદાબાદ (૧૯૮૦), મેરઠ (૧૯૮૭), ભાગલપુર (૧૯૮૯), મુંબઈ (૧૯૯૩), મઉ (૨૦૦૫), કંધમાલ (૨૦૦૭-૦૮), અસમ (૨૦૧૨), મુઝફ્ફરનગર (૨૦૧૩), દિલ્હી (૨૦૧૯-૨૦) અને ઉદયપુર-અમરાવતી હત્યાકાંડ (૨૦૨૨) જેવા અસંખ્ય સાંપ્રદાયિક પ્રકરણો જોવા મળ્યાં છે. આખરે બીબીસી અને તેનો હાલનો રિપોર્ટનું સમર્થન કરનારા માત્ર એક જ રમખાણો પર કેમ અટકી ગયા છે?

બીબીસીની ડોક્યુમેન્ટ્રીમાં રમખાણોનો તો ઉલ્લેખ છે, પરંતુ તેમાં કુટિલતા સાથે એ નૃશંસ ગોધરા કાંડને ગૌણ કરી દેવાયો, જે વાસ્તવમાં આ આખા ઘટનાક્રમનું કેન્દ્રબિંદુ અને ઉદ્ભવસ્થાન હતો. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ અયોધ્યાથી ટ્રેનમાં પાછા ફરી રહેલા ૫૯ કારસેવકોને મજહબી ભીડે કાવતરા અંતર્ગત જીવતા બાળી મૂક્યા હતા, જેમાં અદાલતી સુનાવણી બાદ હાજી બિલ્લા, રઝાક કુરકુર સહિત ૩૧ લોકો દોષીત ઠર્યા હતા. સ્પષ્ટ છે કે રમખાણો પર બીબીસીનો એકાંગી રિપોર્ટ પત્રકારત્વ તો બિલકુલ ન કહી શકાય. બીબીસીએ પોતાની રજૂઆતમાં ભારતના જે કહેવાતા સેક્યુલરો, જેહાદીઓ અને બુદ્ધિજીવીઓને એ જ મિથ્યા પ્રચારો દોહરાવતા દેખાડ્યા છે, જેને ભારતીય સર્વોચ્ચ અદાલત દ્વારા રચાયેલી વિશેષ તપાસ દળ (એસઆઈટી)એ ૨૦૧૨માં ધરાર ફગાવી દીધા હતા, પરંતુ સમયાંતરે આ ચુકાદા વિરુદ્ધ દાખલ અરજીને પણ ખુદ સુપ્રીમ કોર્ટે જ આકરા શબ્દો સાથે ૨૪ જૂન, ૨૦૨૨ના રોજ ફગાવી દીધી હતી.

આ પ્રકરણને જોતાં ડાબેરી લેખિકા અરુંધતી રોયના બે દાયકા જૂનો એક લેખ યાદ કરવા જેવો છે જે તેણે એક પ્રતિષ્ઠિત અંગ્રેજી સમાચાર પત્રિકા માટે લખ્યો હતો. તેમાં અરુંધતિ રોયે દાવો કર્યો હતો કે અહેસાન જાફરીની પુત્રીને નિર્વસ્ત્ર કરીને જીવતી બાળી મૂકવામાં આવી હતી. જ્યારે જાફરીની પુત્રી ત્યારે અમેરિકામાં ક્ષેમકુશળ હતી. તેના માટે અરુંધતિ રોયે માફી માંગવી પડી હતી. તે સમયે અરુંધતિ સાથે તીસ્તા સેતલવાડ જેવી સ્વયંભૂ સેક્યુલરોએ વિકૃત વિમર્શના જોરે ગુજરાત રમખાણોને એવી રીતે રજૂ કર્યાં, જાણે સ્વતંત્ર ભારત જ નહીં, પરંતુ વિદેશી ઈસ્લામી આક્રમણખોરોના જેહાદી કાળખંડ બાદ પહેલી વાર હિંદુ-મુસ્લિમો વચ્ચે કોઈ તોફાનો થયાં હોય.

અમદાવાદમાં આ હિંસા એ સાંપ્રદાયિક રમખાણોની લાંબી અને દુર્ભાગ્યપૂર્ણ શૃંખલામાં એક છે, જેની પહેલી ઘટના ૧૭૧૪માં મુગલકાળ દરમ્યાન હોળીના દિવસે બની હતી. જયારે ૧૯૯૩ સુધી અમદાવાદ આવાં તો ૧૦ મોટાં રમખાણોનું સાક્ષી બન્યું. ૧૭૧૪માં ના તો ભાજપ, આરએસએસ, બજરંગ દળ, વિશ્વ હિંદુ પરિષદ અસ્તિત્વમાં હતા, ના ૧૯૬૯-૧૯૮૫માં થયેલા સાંપ્રદાયિક રમખાણો સમયે સત્તાના કેન્દ્રમાં હતા.

અરુંધતી-તિસ્તા જેવાંના ભારત-હિંદુ વિરોધી ચિંતનને બીબીસી પણ પોતાની 'વ્હાઈટ મેન બર્ડન' માનસિકતાને કારણે અંગીકાર કરે છે. આ દર્શનથી પ્રેરિત બ્રિટનનો એક પૂર્વ વિદેશ મંત્રી, આઠ વખતનો સાંસદ અને લેબર પાર્ટીનો વરિષ્ઠ નેતા જેક સ્ટ્રો પણ છે, જેની કથિત 'ગોપનીય તપાસ' પર બીબીસીએ આખી ડોક્યુમેન્ટ્રી ઘડી કાઢી છે. સ્ટ્રો કેટલો પ્રામાણિક અને સાચો છે, એ તેના દ્વારા ઈરાક યુદ્ધનું સમર્થન કરવા માટે જૂઠ્ઠાણાં ઘડવાથી સ્પષ્ટ થાય છે. ૨૦૧૬માં જાહેર થયેલ 'ચિલ્કોટ રિપોર્ટ' તેની સાબિતી છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# પોલીસમાં દરેક કેડરમાં ભરતીનું કેલેન્ડર રજુ થશે : સરકારને હાઈકોર્ટની સુચના

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧

દેશના ઘણા રાજ્યોમાં તોફાનો થતા જાન માલને નુકશાન થતું હોય છે. ત્યારે પોલીસની ભૂમિકા અને સંખ્યાને લઈને હાઈકોર્ટમાં અગાઉ સુઓમોટો પિટિશન દાખલ થઈ હતી. આ પિટિશન સુપ્રિમકોર્ટના ૨૦૧૯ ના નિર્દેશો પ્રમાણે લેવામાં આવી હતી.

જેમાં પોલીસ રિડ્રેસલ ફોર્મની સ્થાપના કરવી, પોલીસ બેડામાં ખાલી જગ્યાઓ ભરવી, પોલીસને ટ્રેનિંગ આપવી, વસ્તી પ્રમાણે પોલીસની ભરતી કરવી, પોલીસના કામના કલાકો નક્કી કરવા, તોફાનો વખતે જાહેર મિલકતોને નુકશાન થતું અટકાવવું, સરઘસોની ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરવી, સુપ્રિમકોર્ટ દ્વારા અપાયેલા નિર્દેશોનું પાલન કરવું




સભા માટે પોલીસ પરવાનગી અનિવાર્ય બનાવવી જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ સુનવણી ચાલી રહી છે. જેમાં સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું, કે પોલીસ બેડામાં ૨૫,૬૬૦ જેટલી ખાલી જગ્યાઓ ઉપર સીધી ભરતી કરવામાં આવશે.

જે પૈકી પહેલા ફેઝમાં ૧૧ હજાર કરતાં વધુ પોસ્ટ માટે ભરતી બહાર પાડવામાં આવેલી છે. તેમાં અત્યારે શારીરિક કસોટી ચાલી રહી છે. આ જગાયો માટે ૧૦ લાખ ઉમેદવાર નોંધાયા છે. આ ભરતી માટે મે, ૨૦૨૫ સુધીમાં લેખિત પરીક્ષા પૂર્ણ થશે.

બીજો ફેઝની બાકીની ભરતી સપ્ટેમ્બર, ૨૦૨૬ માં પૂર્ણ કરવામાં આવશે. જો કે કોર્ટ મિત્રે પ્રશ્ન ઉપાડ્યો હતો કે, વર્તમાનમાં બહાર પડાયેલી ૧૧ હજાર પોલીસ કર્મચારીઓની ભરતીમાં ડ્જઈ ની માત્ર ૪૭૫ જગ્યા છે, તો તેની ભરતી માટે કોન્સ્ટેબલ જેટલો લાંબો સમય લેવો જોઈએ નહિ.

હાઈકોર્ટે સરકાર પાસે દરેક કેડર માટે વિગતવાર પોસ્ટ મુજબ તારીખ કે સ્ટેજ પ્રમાણે ભરતી કેલેન્ડર માંગ્યું હતું. જેમાં ભરતીના સમય અને સ્ટેજની ચોક્કસ ખબર પડે.

**પ્રાંત અધિકારીથી રાજ્યના વહીવટી વડાની શાનદાર સફર : નવા મુખ્ય સચિવ તરીકે કાર્યભાર સંભાળતા પંકજ જોષી**

# વિકસીત ગુજરાત એ મારો ધ્યેય : નવા મુખ્ય સચિવનું પ્રથમ સંબોધન : નિવૃત થયેલા મુખ્ય સચિવ રાજકુમારને ભાવભીની વિદાય અપાઈ

ગાંધીનગર,તા.૧

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ સનદી અધિકારી શ્રી પંકજ જોષીએ આજે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર વય નિવૃત્ત થતાં તેમની પાસેથી મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષીએ મુખ્ય સચિવ તરીકે ચાર્જ સંભાળ્યો હતો. મુખ્ય સચિવ જોષીને આ પ્રસંગે પૂર્વ મુખ્ય સચિવ રાજકુમારે નવીન જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્ય સચિવ જોષીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફ.ડી.આઈ ઈન્વેસ્ટમેન્ટ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે.

છેલ્લા અઢી દાયકામાં ગુજરાત રાજ્યનો અગ્રીમ વિકાસ થયો છે અને આવનારા સમયમાં પણ ગુજરાતનો



વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે.

ભારત સરકાર અને ગુજરાત સરકારનું એક જ વિઝન રહ્યું છે, 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા અનેક પ્રયત્નો કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવી મુખ્ય સચિવએ ઉમેર્યુ હતું કે, રાજ્ય સરકાર દ્વારા 'વિકસિત ગુજરાત ૨૦૪૭' વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝન ડોકયુમેન્ટ બે થીમ પર આધારિત છે, અર્નીગ વેલ અને લીવિંગ વેલ આ બંને થીમને ધ્યાને રાખીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

આ સાથે વય નિવૃત્ત થતાં ગુજરાતના મુખ્ય સચિવ રાજકુમારને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ તેમજ વિવિધ વિભાગોના વડા- અધિકારીઓએ ભાવભરી વિદાય આપીને સુખમય અને સ્વસ્થ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ કમલ દયાણી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, અધિક મુખ્ય સચિવ જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ જે.પી. ગુપ્તા, અધિક મુખ્ય સચિવ એસ.જે. હેદર સહિત વિવિધ સનદી અધિકારીઓએ રાજકુમાર સાથે તેમને કરેલા કાર્યોના સ્મરણ યાદ કરીને તેમની વહિવટી કુશળતાને બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ઉત્તરપ્રદેશના વતની પંકજ જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. જોષીએ સિવિલ ઈજનેરીમાં બી.ટેક. તેમજ જળ ક્ષેત્રે એમ. ટેક.નો અભ્યાસ કર્યો છે.

તેઓએ ગુજરાતમાં પ્રાંત અધિકારીથી શરૂ કરીને સરકારના વિવિધ મહત્વના વિભાગોમાં સફળતાપૂર્વક ફરજ બજાવીને મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ તરીકે અને હવે ગુજરાતના મુખ્ય સચિવ તરીકે મહત્વની જવાબદારી સંભાળી છે.

**થોડા સમય પહેલા મનગમતી જગ્યાએ ગોઠવાઈ ગયેલી સિન્ડીકેટ વિખેરાઈ ગઈ**

# બદલીનાં ઓર્ડરોમાં જ્ઞાતિવાદની પણ ચર્ચા : કચ્છથી સ્વામીને અમદાવાદ, રાજકોટથી જલુને ભાવનગર, કાવટકર મૂકાયા

**સ્ટેટ જી.એસ.ટી.નાં ૬૨ ઉચ્ચ અધિકારીઓની અચાનક સામૂહિક બદલીઓ**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧

સ્ટેટ જી.એસ.ટી.વિભાગમાં ઉચ્ચ અધિકારીઓની અચાનક જ મોટા પાયે બદલીના ઓર્ડરો કરાયા છે. જેમાં ૯ જે.સી, ૩૫-ડી.સી. અને ૧૮-એ.સી. કક્ષાનાં અધિકારીઓનો, સમાવેશ થાય છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ જે.સી.એચ.એન.જલુને ભાવનગર જે.સી.ડી.એન.યાજ્ઞિકને જૂનાગઢ એમ.એ.કાવટકર-સંયુકત રાજય વેરાકમિશ્નર (અન્વેષણ)ને અમદાવાદ, તેમજ હાલમાં જ કચ્છ-જે.સી.તરીકે મૂકાયેલા એચ.કે.સ્વામીને અમદાવાદ, મુકવામાં આવેલ છે.

જયારે, ડી.સી.કક્ષાએ રાજકોટથી જાગૃતિબેન ઝાલા (અન્વેષણ)ને અમદાવાદ, મૂકાયા છે.તથા એ.આર.ઝનકાંતને ભાવનગરથી રાજકોટ, કે.એન.કેશરીયાને અમદાવાદથી રાજકોટ તેમજ એ.સી.કક્ષાએ જી.આર.સોલંકીને અમદાવાદથી રાજકોટ, એમ.એમ.ડોડીયાને મોરબી થી રાજકોટ, તેમજ સી.એલ પટેલને ગાંધીધામથી રાજકોટ મૂકાયા છે.

નોંધનીય છે કે, એડિશન કમિશનર(અન્વેષણ) નો ચાર્જ એમ.એ.કાવટકર પાસેથી લઈને ઈંછજ ડી.સી.હેરમાને સોંપવામાં આવ્યો સ્ટેટ જીએસટીમાં




ડી.સી.હેરમાનું કદ વધ્યું છે.સ્ટેટ જીએસટીમાં અનેક અધિકારીઓની બદલીઓના ઓર્ડર થયા છે, જેસી, ડીસી અને એસીની બદલીઓ થઈ છે. ગત જુલાઈ માસમાં ડીસી અને એસી લેવલના અધિકારીઓને પ્રમોશન અપાયા હતા.

કેટલાકને મનગમતું પોસ્ટિંગ મળી ગયું હતુ, પરંતુ હવે તે અધિકારીઓની પણ બદલીઓ કરી નાખવામાં આવી છે, કેટલાકને સાઈડ લાઈન કરાયા છે. સાથે જ વેરા ભવનમાં ચર્ચાઓ થઈ રહી છે કે આ બદલીઓમાં જ્ઞાતિવાદ દેખાઈ રહ્યો છે.મહત્વના અન્વેષણ વિભાગમાં બિન અનુભવી અધિકારીઓને જવાબદારી સોંપાઈ હોવાની ચર્ચાઓ આ વખતે અન્વેષણ જેવા મહત્વના વિભાગમાં બિન અનુભવી અધિકારીઓને મુકી દેવામાં આવ્યાં હોવાની વેરા ભવનમાં જ ચર્ચા થઈ રહી છે. એવી પણ ચર્ચા છે કે અનુભવી અધિકારીઓને સાઈડ લાઈન કરીને તેમને અન્ય જગ્યાએ પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.

બીજી તરફ સ્ટેટ જીએસટી વિભાગમાં ઘણા સમયથી એક સિન્ડીકેટ ચાલતી હતી, જે મોબાઈલ સ્કવોર્ડને કંટ્રોલ કરતી હતી અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન કરાવતી હતી. અગાઉ કેટલાક અધિકારીઓ સામે પીએમઓ સુધી ભ્રષ્ટાચારની ફરિયાદો પણ થઈ હતી, આ મામલે પણ સરકારે નોંધ લીધી હોવાનું આ બદલીઓમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે કોઈ સ્વજનની વાતથી દિલ દુખાશે અને મનોમન ઘણી તકલીફ થવાની છે. કામને લઈને મન ઘણુ ખિન્ન રહેવાનુ છે.

**વૃષભઃ** વૃષભ ઘરમાં ઉત્સવ જેવો માહોલ રહેશે, તમે પોતાની સફળતા પર ઘણા ખુશ રહેશો તો મહેમાનોના આવવાથી ઘરમાં કામ પણ વધુ રહેશે.

**મિથુનઃ** કોઈની કહેલી વાતની દિલ દિમાગ પર અસર રહેશે, મનોમન તમે કોઈને પસંદ પણ કરવા લાગશો. કામ પર ફોકસ કરો, સફળતા જરૂર મળશે.

**કર્ક** કામને લઈને આજે સહયોગીઓ સાથે ઝડપ થઈ શકે છે માટે વાણી પર કંટ્રોલ રાખો અને સકારાત્મક રહેવાની કોશિશ કરો.

**સિંહ** કોઈની વાત તમને દુઃખી-પરેશાન કરી શકે છે માટે લોકોની વાતોને ઈગ્નોર કરવાનુ શીખો કારણકે લોકોની કડવી વાતો માત્ર દુઃખ જ આપે છે.

**કન્યા** તમારા ઘરે આજે કોઈ નવુ મહેમાન આવી શકે છે. અપરિણીતોના લગ્નની વાત થઈ શકે છે. વળી, ઘરની સજાવટ માટે તમે અમુક શોપિંગ કરી શકો છો.

**તુલા** કામ અને ઘરના લોકોને લઈને તમે ખિન્ન રહી શકો છો. મન ઘણુ દુઃખી રહેશે અને માટે તમે નિરાશ અને હતાશ પણ રહેવાના છો.

**વૃશ્ચિક** આજે બાળકો સાથે સમય પસાર કરશો, કોઈ પણ વસ્તુને લઈને તમે પ્લાનિંગ પણ કરી શકો છો. તહેવારની સિઝન છે માટે પરિવાર પર ખર્ચો પણ કરી શકો છો.

**ધન** આજે પ્રેમી-પ્રેમિકાઓનો દિવસ છે. આજે પ્રેમથી દિવસ પસાર કરો અને ખુશ રહેવાનો પ્રયત્ન કરો. સારી બિઝનેસ ડીલ થઈ શકે છે.

**મકર** આજે તમે ખુદને સમય આપો, તમારા આરામની જરૂર છે. પતિ-પત્ની પણ સાથે સમય પસાર કરે આનાથી બંનેને ખુશી મળશે.

**કુંભ** ઘરમાં કામ કરાવી શકો છો. સજાવટની વસ્તુઓ પર આજે પૈસા ખર્ચ થવાના છે. બહાર જવાનુ પણ પ્લાનિંગ તમે કરી શકો છો.

**મીન** તબિયત પર મોસમની અસર જોવા મળી શકે છે. પોતાનુ ધ્યાન રાખો. આજે જૂના દોસ્ત સાથે મુલાકાત થશે જેનાથી દિલ ખુશ થશે.



## ફિલ્મી ગપશપ

**નવા વર્ષમાં પણ બોક્સ ઓફિસ પર હીટ ફિલ્મો નહીં !!**

# હવે નજર છે શાહિદ કપૂરની 'દેવા' અને વિકી કૌશલની 'છાવા' પર!!

૨૦૨૫ નો પ્રથમ મહિનો પસાર થઈ ગયો છે. આ છતાં, બોક્સ ઓફિસ પર કોઈ ખાસ હિટ ફિલ્મ જોવા મળી નથી. ગયા વર્ષે ૨૬ જાન્યુઆરી સપ્તાહના અંતે રિલીઝ થયેલ રિતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ ફાઈટર બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરી હતી.

તે જ સમયે, શાહરૂખ ખાનની ફિલ્મ પઠાણ ૨૦૨૩ માં રિપબ્લિક ડે વીકએન્ડ પર રિલીઝ થઈ હતી, જેને બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડથી વધુ કમાણી કરીને અગાઉનાં તમામ રેકોર્ડ તોડી નાખ્યાં હતાં.

પરંતુ જો આપણે ૨૬ જાન્યુઆરી સપ્તાહનાં અંતે રિલીઝ થયેલી ફિલ્મ વિશે વાત કરીએ, તો અક્ષય કુમારની ફિલ્મ સ્કાય ફોર્સ એક જ પ્રથમ અઠવાડિયા પછી ૧૦૦ કરોડ ક્લબમાં પહોંચી છે. તેમાં પણ, ફિલ્મના નિર્માતાઓએ પ્રથમ સપ્તાહમાં બમ્પર ડિસ્કાઉન્ટ ઓફર કર્યુ હતું.

ફિલ્મ જગતનાં નિષ્ણાતોનું માનીએ તો સ્કાય ફોસનો આગળનો માર્ગ સરળ રહેશે નહીં. આ ફિલ્મ માટે ફાઈટરનો રેકોર્ડ તોડવો મુશ્કેલ લાગે છે. આ અઠવાડિયે, શાહિદ કપૂરનાં દેવા પછી, વિકી કૌશલની છાવા પણ રજૂ કરવામાં આવશે. આવી સ્થિતિમાં, કેટલાક નિષ્ણાતો ફિલ્મ સ્કાય ફોર્સને ૧૫૦ કરોડની કમાણી કરવાની આશા રાખે છે.

જો કે, તે નિશ્ચિત છે કે હિટ કેટેગરીમાં જવા માટે ફિલ્મે સખત મહેનત કરવી પડશે. ખરેખર, ફિલ્મ સ્કાય ફોર્સનું બજેટ ૧૬૦ કરોડ કહેવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ ફિલ્મે હિટ ટાઈટલ પ્રાપ્ત કરવા માટે ઓછામાં ઓછા ૨૦૦ કરોડની કમાણી કરવી પડશે, જે હાલમાં મુશ્કેલ છે. સ્કાય ફોર્સ સિવાય, આ મહિને રજૂ કરેલી બાકીની ફિલ્મો, સોનુ સૂદની ફતેહ, કંગનાની ઈમરજન્સી અને અજય દેવગનની આઝાદે બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કર્યું ન હતું. તેમ છતાં તેલુગુ સુપરસ્ટાર રામ ચરણ અને કિયારા અડવાણીની ફિલ્મ ગેમ ચેન્જરનું હિન્દી ડબિંગ સંસ્કરણે લગભગ ૨૫ કરોડની કમાણી કરી હોવી જોઈએ.

પરંતુ તે અપેક્ષા કરતાં ઘણી ઓછી હતી. તે જ સમયે, બાકીની ફિલ્મો પણ ખૂબ ઓછી કમાણી કરી છે. આ ફિલ્મોમાં ફતેહ અને ઈમરજન્સી જેવી ફિલ્મોએ બેનો આંકડાઓને ભાગ્યે જ સ્પર્શ કર્યો છે. એટલે કે, ૨૦૨૫ નો પહેલો મહિનો બોક્સ ઓફિસ સફળ રહ્યો નથી.

જો આખા મહિનાની કમાણીની વાત કરીએ તો ૧૫૦ કરોડની સરેરાશ કમાણી માનવામાં આવે છે. જો તમે આવતાં દિવસોમાં રિલીઝ થયેલી ફિલ્મો પર નજર નાખો, તો શાહિદ કપૂરના દેવાને આ અઠવાડિયે મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે.

તે જ સમયે, જુનેદ ખાન અને ખુશી કપૂરનો લવયાપાને સારો પ્રતિસાદ મળ્યો નથી. જો વિકી કૌશલ વિશે વાત કરો તો વેલેન્ટાઈન ડે પર રિલીઝ થનારી રશ્મિકા મંડનાની ફિલ્મ છાવાથી લોકોને કમાણીની વધુ આશા છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે બોક્સ ઓફિસ પર જાન્યુઆરી પછી ફેબ્રુઆરીમાં કેવો માહોલ હશે.

## મહેસાણા જિલ્લાના કડી તાલુકા પાસેની થોળ સરોવર વન્યજીવ અભયારણ્ય રામસર સાઈટ્સ વિશે જાણીએ

# રાજ્યમાં નોંધાયેલ ૫૭૪ પક્ષીઓની પ્રજાતિઓ પૈકી થોળ ખાતે કુલ ૩૨૯ પ્રજાતિઓ નોંધાયેલ છે જે રાજયની કુલ પ્રજાતિઓના ૫૭ ટકા જેટલી છે

### થોળ વન્યજીવ પક્ષી અભયારણને તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ રામસર સાઈટ (આતરાષ્ટ્રીય મહત્વ ધરાવતાં જળપ્લાવિત વિસ્તાર) તરીકે માન્યતા મળી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

સમગ્ર વિશ્વમાં તા. ૨જી ફેબ્રુઆરીને 'વર્લ્ડ વેટલેન્ડ ડે' તરીકે મનાવાય છે. આ વર્ષે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ'ની વિષયવસ્તુ ×પ્રોટેકટીંગ વેટલેન્ડ ફોર અવર કોમન ફ્યુચર× એટલે કે ×આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ''નક્કી કરવામાં આવ્યું છે.

ત્યારે આજે આપણે જાણીએ મહત્વની રાષ્ટ્રીય વેટલેન્ડ્સ વિશે ....National Wªlands Conservation Programme (NWCP) - Environment પ્રોગ્રામ હેઠળ ભારતમાં કુલ ૧૧૫ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ્સ જાહેર કરવામાં આવી છે. જેમાંથી નળ સરોવર, થોળ તળાવ-સરોવર, કચ્છનું નાનું રણ, કચ્છનું મોટું રણ, નાની કકરાડ, વઢવાણા, ખીજડિયા અને પરીએજ સહિત કુલ ૮ રાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ ગુજરાતમાં આવેલી છે. વધુમાં, ગુજરાતમાં ૧૯ વેટલેન્ડ્સ છે જે મહત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતા વિસ્તારો તરીકે ઓળખાય છે.

તેમાંથી આજે આપણે મહેસાણા જિલ્લાના કડી તાલુકા પાસેની થોળ સરોવર વન્યજીવ અભ્યારણ રામસર સાઈટ્સ વિશે જાણીએ જે આ સમયગાળા દરમ્યાન હજારો યાયાવર પક્ષીઓનો ગમતીલો આશરો અને પક્ષીપ્રેમીઓ અને પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બનતું હોય છે. કડી તાલુકાના થોળ ગામ પાસે આવેલા સરોવર અને તેના કાંઠાના વિસ્તારોને થોળ પક્ષી અભ્યારણ જાહેર કરવામાં આવેલ છે. અહીં શિયાળાની ઋતુ દરમિયાન, મધ્ય એશિયા, યુરોપ, હિમાલય અને ઈશાન રાજ્યોના ઠંડા વિસ્તારોમાંથી અને વિદેશનાં અનેક પક્ષીઓ આવે છે જેમાં જળચર પક્ષીઓ મુખ્ય છે. ભારતની કુલ ૮૫ રામસર સાઈટ્સમાંથી ચાર રામસર સાઈટ્સ ગુજરાતમાં છે. જેમાં, નળ સરોવર પક્ષી અભ્યારણ, થોળ સરોવર વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભ્યારણ અને વઢવાણા વેટલેન્ડનો સમાવેશ થાય છે.

તો વાત કરીએ થોળ પક્ષી અભ્યારણની...... વન્યજીવ વિભાગ, સાણંદના નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. ધવલકુમાર ગઢવી જણાવે છે એમ સને ૧૯૧૨માં ગાયકવાડ શાસનકર્તાના સમયમાં થોળથી પશ્ચિમે આવેલ નિચાણવાળા મહેસાણા જિલ્લાના કડી તાલુકા અને અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગામોને પૂરની પરિસ્થિતિથી બચાવવા માટે માટીનો પાળો બાંધીને માનવસર્જિત સરોવર છે. જે અમદાવાદ થી ૨૫ કિ.મી. ના અંતરે આવેલ છે. સરોવરનો વિસ્તાર ૬૯૯ હેકટર (૬.૯૯; ચો.કિ.મી.) છે. સિંચાઈ તળાવ તરીકે ઉપયોગમાં લેવાતા આ સરોવરમાં હજારોની સંખ્યામાં જળાશયના પક્ષીઓ વસવાટ કરે છે અને શિયાળામાં આવતા થાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન બની રહે છે. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીએ આ








સરોવરના વિસ્તારને મહત્વના પક્ષી વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. સને ૧૯૮૬ માં ગુજરાત સરકારે આ સરોવર વિસ્તારને 'ગેઈમ રિઝર્વ જાહેર કર્યું હતું. ત્યારબાદ સને ૧૯૮૮ ને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ-૧૮ અન્વયે અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતુ .

ભારત સરકારનાં પર્યાવરણ, વન અને મૌસમ પરિવર્તન મંત્રાલય દ્વારા તા.૦૯/૦૨/૨૦૧૫ના રોજ થોળ પક્ષી અભયારણની ફરતે મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના કુલ ૦૭ ગામોના ૧૮.૨૪, ચો.કિ.મી. વિસ્તારને ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે. આ ઈકો સેન્સીટીવ ઝોન થોળ પક્ષી અભ્યારણની હદથી ન્યુનત્તમ ૦.૩૦૮ કિ.મી. અને મહત્તમ ૨.૨૪૪ કિ.મી સુધી ફેલાયેલી છે. આ ઈકો સેન્સીટીવ ઝોન' થોળ પક્ષી અભયારણના વન્યજીવો અને તેના કુદરતી નિવાસ્થાનો ઉપર વિપરીત અસર કરતી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. થોળ પક્ષી અભ્યારણને તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ 'રામસર સાઈટ (આતરાષ્ટ્રીય મહત્વ ધરાવતાં જલપ્લાવિત વિસ્તાર) તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ છે.

શું છે આ 'રામસર સાઈટ તો , '' પ્રવાસી પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન હેતુ વર્ષ ૧૯૬૦ના દાયકામાં જે વેટલેન્ડ પર સૌથી વધુ પ્રવાસી પક્ષીઓ આવતા હોય તે સાઈટના રક્ષણ માટે વર્ષ ૧૯૭૧માં ઈરાનના રામસર શહેર ખાતે નિષ્ણાંતો વચ્ચેની ચર્ચા રામસર સંધી તરીકે ઓળખવામાં આવી . આથી યુનેસ્કો સાથે સંલગ્ન રહી આ રામસર કન્ઝર્વેશન ભેજવાળી જમીનમાં સજીવોનું વૈવિધ્ય ધરાવતા સ્થળોને સંરક્ષિત કરવાની ભલામણ કરવામાં આવી અને આવા સ્થળોને રામસર સાઈટ જાહેર કરવામાં આવે છે ....

થોળ પક્ષી અભ્યારણ, આ જલપ્લાવિત વિસ્તારમાં મુખ્ય ચાર પ્રકારની શીંગી, કટલા, રોહું અને મિંગ્રલ માછલીઓ મળી આવે છે. આ ઉપરાંત ઉભયજીવી પ્રાણીમાં બુલફ્રોગ અને માર્બલ ટોડ છે. સરિસૃપ પ્રાણીઓમાં રેટ, સ્નેક, કોબ્રા, ચેકર્ડ કીલબેક, ગાર્ડન, લિઝાર્ડ, ફેન થોટેડલિઝાર્ડ, શ્રીંક, બેગાલ મોનિટર લિઝાર્ડ, ઈન્ડીયન ફલેપસેલ ટર્ટલ વગેરે

તેમજ વિશેષમાં ૧૫૦ જેટલી પછી સૃષ્ટિના જળાશયના પક્ષીઓ આ અભ્યારણમાં નોંધાયેલ છે. જેમાં સારસ, મત્સ્યભોજ, ચમચો, નીલશિર, ગાજહંસ, ભગવી સુરખાબ, ટીલીયાળી બતક, નાની સીસોટી બતક વગેરે જોવા મળે છે. અહીં સસ્તન વર્ગના પ્રાણીઓમાં વાંદરા, જંગલી બિલાડી નોળિયા, શિયાળ, ગેરો, લોમડી, સસલા અને નીલગાય વગેરે આ વિસ્તારમાં જોવા મળે છે.

સને ૧૯૮૮ થી આ જલપ્લાવિત વિસ્તાર અભ્યારણ જાહેર થવાથી તેનું સંરક્ષણ અને વ્યવસ્થાપન વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. પક્ષીઓને સતત સંરક્ષણ પુરૂ પાડવું અને વન્યજીવ વસવાટમાં સુધારો થાય તેવા કાર્યો જેમાં અભયારણ્યમાં માટીના પાળા બનાવવા અધિકતમ પાણીનું સ્તર જાળવવું, માટીના પાના ઉપર દેશીબાવળનું વાવેતર તથા પક્ષીઓને બેસવા માટે સૂકા ડાળા-થડીયા ઉભા કરવા પક્ષીઓને ખોરાક માળઉ રહે તે હેતું મત્સ્યબીજ છોડવા વગેરે કરવામાં આવે છે એમ નાયબ વન સંરક્ષકશ્રી જણાવે છે....

થોળ અભ્યારણમાં ઓકટોબર થી ફેબ્રુઆરી દરમ્યાન થાયાવર તથા સ્થાનિક અલગ અલગ જાતનાં પક્ષીઓનો નઝારો એ અદભૂત બાબત છે. ગ્લોસી આઈબીશ(ર્ફ્ણ્અિંરૈજ) જે હજારોની સંખ્યામાં અંદાજે ૮૦૦૦૦ થી લાખેક જેટલા પક્ષીઓની સંખ્યાએ વિશિષ્ટ બાબત છે. પેલીકન, મત્સ્યભોજ તથા અન્ય શિકારી પક્ષીઓને મોટે ભાગે માછલીઓની અલગ અલગ જાતનો વિપુલ જથ્થો હોઈ પુરતો ખોરાક મળી રહે છે. અભ્યારણમાં મોટે ભાગે દેશી બાવળનાં વૃક્ષો ઘણા જ પ્રમાણમાં હોઈ પક્ષીઓના માળા માટે સુરક્ષિત સ્થળ સાબિત થયેલ છે. આ વિસ્તારમાં સ્થાનિક રીતે જાગૃત શિક્ષિત તથા જીવદયાની લાગણીસભર લોકો વસતા હોઈ પક્ષીશિકારની અન્ય વિસ્તારની તુલનાએ કોઈપણ પ્રકારે ઘટના બનેલ નથી. તે પ્રશંસાપાત્ર તથા નોંધપાત્ર બાબત છે.

આ વિસ્તારમાં પ્રથમ વખત કેંચીપૂંછ, વાબગલીએ સંવનનબાદ બચ્ચા આપ્યાનું નોંધાયેલ છે. તેની અંદાજિત સંખ્યા ૫૧૨૫૫ જેટલી છે. થોળ પક્ષી અભ્યારણમાં જલપ્લાવિત વિસ્તાર ઉપરાંત વિશાળ વૃક્ષાચ્છાદિત વિસ્તાર હોવાથી જળાશયનાં પક્ષીઓ ઉપરાંત અનેકવિધ વન વગડાના પક્ષીઓ જોવા મળે છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં નોંધાયેલ ૫૭૪ પક્ષીઓની પ્રજાતિઓ પૈકી થોળ ખાતે કુલ ૩૨૯ પ્રજાતિઓ નોંધાયેલ છે. રાજયની કુલ પ્રજાતિઓના ૫૭ ટકા જેટલી થાય છે એમ નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. ધવલકુમાર ગઢવી જણાવે છે.

# જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે છે

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો આપણે

ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી, માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું. કળિયુગમાં મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું કરે છે એટલે કળિયુગમાં મનુષ્યને અચતુર અને મંદબુદ્ધિશક્તિવાળો કહ્યો છે.

કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું,હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું.

શૌનકજી કહે છે કે, અમને વિસ્તારપૂર્વક શ્રીકૃષ્ણકથા સંભળાવો. શ્રીકૃષ્ણકથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. ભગવાનની મંગલમય અવતાર-કથાઓનું અને ભગવાન ની લીલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે, ત્યારે ધર્મ કોને શરણે જાય છે? તે અમને કહો. સમુદ્ર પાર કરવા વાળા ને જેમ કર્ણધાર નાવિક મળી જાય તેમ આપ અમને મળ્યા છો.

પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે. પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે. મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી.વકતાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ. તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ.

શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છેઃ
શ્રદ્ધા.શ્રોતાએ એકાગ્રતાથી, શ્રદ્ધા થી કથા સાંભળવી.

જિજ્ઞાસા. શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો


યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

મન ઉપર કથાની અસર થશે નહીં. જાણવાની જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી.

નિમત્સરતા. શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ.શિષ્યનો પણ અધિકાર જોવાય છે,શ્રોતાનો પણ અધિકાર જોવાનો છે.

એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું, આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા.

મહાત્માએ કહ્યું, રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું સમજાવી શક્યો નહીં.

અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે, ભાગવત કથામાં અમને શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય, ત્યારે તમારા જેવા અધિકારી વકતાના મુખેથી કથા સાંભળવાની તક મળે છે.

અધિકારી વક્તાને અધિકારી



શ્રોતા રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ.'સાંભળી'ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે.

શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે.સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે,તમે સૌ સુયોગ્ય શ્રોતા છો.તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમે પ્રશ્ન કરો છો. કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું.બાકી પ્રભુ નો મહિમા ગાનાર હું કોણ?

આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. સર્વ અવતારોની સમાપ્તિ થાય છે આ નારાયણની સમાપ્તિ થઈ નથી અને થવાની નથી.ભારતની પ્રજાનું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે.

શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપનાં દર્શન કરી શક્યો,પણ કળિયુગમાં ભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યો કે,બદરિનારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો.ત્યાંથી મારી મૂર્તિ મળશે તેની સ્થાપના કરો. બદરિનારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્ય જીએ કરી છે.

મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો. બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે.અંદર નારાયણ તપસ્યા કરે છે.

તપશ્ચર્યામાં સ્ત્રીનો, દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે. તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ.

બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભક્તે બદરિનારાયણના પૂજારીને પૂછ્યુ કે,આવી સખત ઠંડીમાં ઠાકોરજી ને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂછ કરવામાં આવે છે.

સૂતજી સરસ્વતીને, વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે. જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ.આ ભક્તિ પણ એવી જોઈએ, જેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે. જીવને ભગવાન કહે છે કે, તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા.જીવાત્મા અંશ છે, પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુ:ખી છે. તે અંશ અંશીમાં એટલે ઈશ્વરમાં મળી જાય તો જીવ સુખી થાય.

નર એ નારાયણનો અંશ છે. અંશ એટલે કે નર.અંશી એટલે કે નારાયણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે.વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે.પ્રેમની પરિપૂર્ણતા અદ્વૈતમાં છે.ભક્ત અને ભગવાન છેવટે એક છે. ગોપી અને શ્રીકૃષ્ણ એક છે.

જીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. આ વિયોગ કરવાથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી, તેથી લાભ નથી. ધોતિયાને ડાઘો પડયો હોય તો તે ક્યારે પડયો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. તેણે તો ડાઘ જ દૂર કરવો જોઈએ. તે પ્રમાણે જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે.

જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે, બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે. અનંત કાળે બીક લાગે છે,કરેલા પાપોની યાદથી. મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી.પણ કાળના કાળ ભગવાન જીવને અપનાવે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી. જેને શેઠનો આશરો એને નોકર શું કરી શકે?

જીવ અને ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી.જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંત ર્યામીને ઓળખી શકે છે.

ગંગાકિનારે રહેતા એક સંત-મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિ મેળવવા એક મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે, હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ સંત ગયા પેલાનું મન તલપાપડ થવા લાગ્યું.સંતની ગેરહાજરીમાં એ આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પધાર્યા. સંતે કહ્યું, આટલી ધીરજ ન રાખી શક્યો?

પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ?ત્યારે સંતે કહ્યું,ભાઈ, જોને, પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે.તેથી પારસમણિ અને લોખંડ નો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય ?તેવી રીતે જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે,પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી.એટલે કે ઈશ્વરનો સ્પર્શ પામી શકતો નથી.જીવાત્માએ દાબડી છે.પરમાત્માએ પારસ મણિ છે. વચમાંનું અહંતા-મમતા રૂપી ચીંથરું દૂર કરવાનું.


વાચક ચાહક મિત્રો, રાજયમાં હવામાનમાં ઊલટ પલટ થશે તેવી આગાહીના કારણે ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે કે મોં સુધી આવેલ કોળીયો છીનવાઈ તો નહી જાય ને ,? જીરૂ વરિયાળી ઘઉં એરંડા સહીત રવિ પાક આ વર્ષે સારા છે. કુદરત થોડી કૃપા કરે તો બધું સારું રહે..મહાકુંભ ૧૪૪મો ચાલે ત્યારે આપણે પણ પ્રાર્થના કરીએ કે બધું સારું થાય અસ્તુ.

### બિલ્ડરને કોઈ રાહત આપી શકાય નહીં ઉપરોક્ત રજૂઆત બાદ કોર્ટે આદેશ કર્યો હતો

# સત્તા નિયંત્રણ મંડળીની બેવડી નીતિનો કિસ્સો બહાર આવતાં અંબાજીમાં કથિત ગેરકાયદે બાંધકામનો અહેવાલ રજુ કરવા હાઈકોર્ટનો આદેશ

(ગરવી તાકાત) અંબાજી તા.૧

અંબાજી વિકાસ અને પ્રવાસન સત્તા નિયંત્રણ મંડળ ની બેવડી નીતિ વિકાસ ના નામે દબાણો અડધી રાતે હટે અને બિલ્ડરોના ગેર કાયદેસર બાંધકામ માટે અરજદારો પૂરાવા સાથે રજૂઆત કરે તો પણ ગેર કાયદેસર બાંધકામો ને સરક્ષણ આપવાનું અને અરજદાર ને ગેર કાયદેસર બાંધકામો માટે નામદાર હાઈકોર્ટે જવું પડે તેવી બેધારી નીતિનો કિસ્સો બહાર આવતા ગુજરાત હાઈકોર્ટે એક આદેશ મારફતે અંબાજીના મુખ્ય કાર્યકારી અધિકારી, અંબાજી વિસ્તાર શહેરી વિકાસ સત્તામંડળ, અંબાજીને કથિત ગેરકાયદેસર બાંધકામનું નિરીક્ષણ કરવા અને અહેવાલ તૈયાર કરવા આદેશ આપવામાં આવ્યો છે.





અદાલતના આદેશમાં નોંધવામાં આવ્યું હતું કે પ્રતિવાદી નં. ૧ અને ૨ કે જેઓ બિલ્ડર છે તેમના દ્વારા વિકાસ પરવાનગી ઉપરવટ જઈને અનધિકૃત બાંધકામના આરોપો છે. આથી અરજદારોની હાજરીમાં અનધિકૃત બાંધકામના આરોપના સંદર્ભમાં નિરીક્ષણ અહેવાલ તૈયાર કરીને ઉપરોક્ત અહેવાલ આગામી સુનાવણીની તારીખે અથવા તે પહેલાં સોગંદનામું દાખલ કરીને રેકોર્ડ પર મૂકવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ મામલો ૨૭.૦૨.૨૦૨૫ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે.

કેસની વિગતો મુજબ અંબાજી વિસ્તારમાં ભુપેન્દ્ર અગ્રવાલ અને શૈલેષ ખંડેલવાલ નામના બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યા હતા. તે બાબતે અરજદાર અમિતકુમાર પટેલ દ્વારા સ્થાનિક સત્તાવાળાઓને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ તે બાબતે કોઈ પગલા નહીં લેવામાં આવતા અરજદાર દ્વારા હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. તેની સુનાવણી દરમિયાન અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે અંબાજીમાં ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે અન અધિકૃત બાંધકામોના નામે તાત્કાલિક બધું તોડી પાડવામાં આવે છે જ્યારે પ્રસ્તુત કેસમાં અનઅધિકૃત બાંધકામ અંગેના પુરાવા હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આથી વિકાસ પરવાનગી ની ઉપરવટે જઈને કરવામાં આવેલા બાંધકામો તાત્કાલિક રીતે તોડી પાડવા જોઈએ.

બીજી બાજુ લીડર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે તેઓએ ઈમ્પેક્ટ ફી ભરીને આ બાંધકામ નિયમિત કરવા માટે અરજી કરેલી છે આથી બાંધકામાલમાં તોડી શકાય નહીં. પરંતુ કોર્ટના ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું કે ઈમ્પેક્ટ ફીનો કાયદો આ વિસ્તારમાં લાગુ પડતો નથી આથી બિલ્ડરને કોઈ રાહત આપી શકાય નહીં ઉપરોક્ત રજૂઆત બાદ કોર્ટે આદેશ કર્યો હતો.

### જિલ્લામાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને પાકું ઘર મળે તે હેતુથી

## બનાસકાંઠામાં PM આવાસ યોજનાનો સર્વે : ૧૨,૬૯૬ લાભાર્થીઓનું સર્વેક્ષણ પૂર્ણ, ૧૪ ફેબ્રુ. સુધી મુદત લંબાવાઈ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧

બનાસકાંઠા જિલ્લામાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને પાકું ઘર મળે તે હેતુથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વ્યાપક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૨,૬૯૬ લાભાર્થીઓનું સર્વેક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે, જેની મુદત ૧૪ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે.



પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ૨.૦ અંતર્ગત, જે પરિવારો પાસે ખુલ્લો પ્લોટ કે કાચું મકાન છે, તેમને પાકું મકાન બનાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે. જિલ્લાની કુલ ૯૫૪ ગ્રામ પંચાયતોમાંથી ૭૮૭માં સર્વેની કામગીરી ચાલુ છે, જ્યારે બાકીની ૧૬૭ ગ્રામ પંચાયતોમાં કામ પ્રગતિ હેઠળ છે.

તાલુકાવાર વિગતો જોઈએ તો, દાંતા તાલુકામાં સૌથી વધુ ૨,૪૯૯ લાભાર્થીઓનો સર્વે થયો છે. અન્ય તાલુકાઓમાં થરાદમાં ૧,૪૪૦, ડીસામાં ૧,૪૧૨, પાલનપુરમાં ૧,૩૩૭, કાંકરેજમાં ૧,૨૦૭, વડગામમાં ૧,૦૧૦ લાભાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દાંતીવાડામાં ૬૩૮, વાવમાં ૬૩૨, અમીરગઢમાં ૫૬૧, લાખણીમાં ૫૬૬, ધાનેરામાં ૪૮૨, ભાભરમાં ૩૯૪, સુઈગામમાં ૨૯૫ અને દિયોદરમાં ૨૨૩ લાભાર્થીઓનું સર્વેક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે. ગ્રામ વિકાસ એજન્સીના નિયામકે વધુમાં વધુ લાભાર્થીઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો છે. સર્વેક્ષણની કામગીરી તાલુકા કક્ષાએ નિયુક્ત કરાયેલા સર્વેયરો દ્વારા કરવામાં આવી રહી છે.

### હિંમતનગર જીઆઈડીસીમાં આખલાનો આબાદ બચાવ કરાયો

## વરસાદી પાણીના નિકાલ માટેના ઊંડા ખાડામાંથી JCB અને ક્રેનની મદદથી એક કલાકમાં રેસ્ક્યૂ





(ગરવી તાકાત) હિંમતનગર તા.૧

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે ૪૮ પર GIDC નજીક એક ખોડખાંપણવાળો આખલો વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનની બાજુના ઊંડા ખાડામાં પડી ગયો હતો. આ ઘટના ત્યાંથી પસાર થતા એક રાહદારીના ધ્યાનમાં આવતા તેમણે તુરંત જ જીવદયાપ્રેમી મિતુલ વ્યાસ અને કુમાર ભાટને જાણ કરી હતી.

બંને જીવદયા પ્રેમીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. નેશનલ હાઈવે ઓથોરિટીના સેફ્ટી ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ અને અન્ય અધિકારીઓને પણ જાણ કરવામાં આવી હતી. હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમે JCB અને ક્રેનની મદદથી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.લગભગ એક કલાક સુધી ચાલેલી આ બચાવ કામગીરીમાં ફાયર બ્રિગેડના સ્ટાફ, જીવદયા પ્રેમીઓ અને સ્થાનિક લોકોની મદદથી આખલાને સહી સલામત બહાર કાઢવામાં સફળતા મળી હતી. હાલમાં ચાલી રહેલા હાઈવે વિસ્તૃતિકરણના કામને કારણે આ ખાડો ખોદવામાં આવ્યો હતો, જેમાં આખલો પડી ગયો હતો.

## વાવ થરાદ જિલ્લાના નવનિર્માણ બદલ રાજ્ય સરકારની આભાર વ્યક્ત ભાજપ યુવા મોરચા



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૧

વાવ ભાજપ યુવા મોરચા અને અગ્રણીઓ દ્વારા થરાદ નાયબ કલેકટર કચેરીએ રજૂઆત કરી જણાવ્યું હતું કે એક જાન્યુઆરી રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લામાંથી વાવ થરાદ જિલ્લાનું નવનિર્માણ કરવા આવ્યું તે નિર્ણયથી હું અને સમસ્ત મારુ ગામ ખૂબ જ આનંદિત છીએ અને આ નિર્ણય સાથે સંપૂર્ણ રીતે સંમત છીએ.

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી માનનીય નરેન્દ્ર ભાઈ મોદી એ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી નો અમે નવનિર્માણ પામેલ વાવ થરાદ જિલ્લાના નિર્માણ બદલ હદય પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ નવીન વાવ થરાદ જિલ્લાના નિર્માણ વખતે અમારો સંપૂર્ણ સમગ્ર ગામ જનો તરફથી આભાર વ્યક્ત કરીએ છીએ..બહોળી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા..

## હિંમતનગરમાં એક સપ્તાહમાં ૮૧૨ કિલો પ્લાસ્ટિક પકડાયું

હિંમતનગર પાલિકાએ છેલ્લા આઠ દિવસ દરમિયાન શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ પર નિયંત્રણ લાદવા શરૂ કરેલ ડ્રાઈવ દરમ્યાન ૩૨ વેપારીઓ અને ફેરિયાઓ પાસેથી ૮૧૨ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી કુલ ૩૨૮૦૦હજાર દંડ વસૂલ્યો હતો. છે.પાલિકા દ્વારા મળતી માહિતી અનુસાર ૨૩ જાન્યુઆરીથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ વિરુદ્ધ ડ્રાઈવ શરૂ કરી છે. જેમાં ૩૨ વેપારીઓ અને ફેરિયાઓ પાસેથી ૮૧૨ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂ. ૩૨૮૦૦ દંડ વસૂલાયો છે. વિભાગના બ્રિજેશભાઈ પટેલે જણાવ્યું કે આ પ્લાસ્ટીકને પ્રોસેસીંગ પ્લાન્ટ પર લઈ જઈ ગાઈડલાઈન મુજબ ઓગાળી નાશ કરવામાં આવે છે અને આગામી સમયમાં પણ આ ઝુંબેશ યથાવત રહેનાર હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ બધી કવાયત પરંતુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતાં એકમોની માન્યતા રદ કરી કડક કાર્યવાહી કેમ નથી થતી એ સૌથી મોટી નિષ્ફળતા હોવાનું પર્યાવરણવિદ દિનેશભાઈ ચૌધરીએ આક્રોશ ઠાલવ્યો હતો.

### સૂઇગામ વેપારી એસોસિએશન, તાલુકા ગ્રામ પંચાયત સરપંચ એસોસીયન અને વકીલ એસોસિયન, વેપારી એસોસિએશન તેમજ ભાજપ-કોંગ્રેસ અગ્રણીઓ અને સામાજિક સંસ્થાઓએ પ્રાંત કલેકટરને આવેદનપત્ર આપી સમર્થન જાહેર કર્યું

# વાવ-થરાદ જિલ્લાના સમર્થનમાં બેનર સાથેની રેલી યોજી સુઇગામ પ્રાંત કલેકટરને આવેદનપત્ર અપાયા

### વાવ થરાદ જિલ્લાને સમર્થન કરીએ છીએ

આ અંગે સરપંચ એસોસિએશન ના પ્રમુખ મગનીરામ રાવલે જણાવ્યું હતું કે વાવ-થરાદ જિલ્લો જાહેર કરેલ છે,તે સરહદી લોકોના હિતમાં છે, લોકોને નવા જિલ્લામાં જે તે કામ હોય તો સરળતાથી અવર જવર કરી શકે,જેમાં તેમનો સમય પણ બચશે, નવો જિલ્લો જાહેર થયાથી લોકોને સરકારની યોજનાઓનો પણ પૂરતો લાભ મળશે,એટલે અમો તાલુકાના તમામ સરપંચો વાવ- થરાદ જિલ્લાને સમર્થન કરીએ છીએ.

### વાવ થરાદ નવા જિલ્લા થકી લોકોનો વિકાસ થશે

કોંગ્રેસ અગ્રણી અને સુઇગામ બાર એસોસિએશન ના પ્રમુખ કે.પી.ગઢવીએ વાવ થરાદ જિલ્લો જાહેર કરવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો,અને સમર્થન કરતા જણાવ્યું હતું કે નવીન વાવ થરાદ જિલ્લા થકી સરહદી વિસ્તારમાં લોકોનો વિકાસ થશે, સરહદી વિસ્તારમાં નડાબેટ ટુરિઝમ બન્યા બાદ ડેવલોપિંગ થતા વિકાસની ઉજળી તકો સર્જાઈ છે,ત્યારે અમો સુઇગામ બાર એસોસિએશન અને કોંગ્રેસ દ્વારા વાવ થરાદ જિલ્લાને સમર્થન કરીએ છીએ.

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧

ગત ૧ લી જાન્યુઆરીએ ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લા માંથી વાવ થરાદને નવીન જિલ્લો જાહેર કરતા જ વિરોધ-વંટોળ ઉભો થયો હતો. કાંકરેજ,દિયોદર અને ભાભર તાલુકાના લોકો ઓગડને જિલ્લા મથક બનાવવા માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે,અને ધાનેરા તાલુકાના લોકો બનાસકાંઠા માં જ રહેવા માંગતા હોવાની કલેકટરને રજુઆત કરી રહ્યા છે,ત્યારે નવો જિલ્લો જાહેર કરતા જ સરકાર અસમંજસમાં આવી ગઈ છે,જેને લઈ બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા એક જાહેરનામું બહાર પાડી લોકોને પોતાના મંતવ્યો રજૂઆતો કરવા માટેની ૨ ફેબ્રુઆરી સુધી સંબંધિત પ્રાંત કલેકટરને લેખિત રજૂઆતની તક આપતાં શનિવારે સરહદી સુઈગામ તાલુકાના લોકોએ વાવ થરાદ નવીન જિલ્લાના સમર્થનમાં સુઈગામ પ્રાંત કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સુઈગામ વેપારી એસોસિએશન, સુઈગામ બાર એસોસિએશન, સુઈગામ તાલુકા સરપંચ એસોસિએશન, સામાજિક સંસ્થાઓના પદાધિકારીઓ, ભાજપ-કોંગ્રેસના અગ્રણીઓ અને આમ નાગરિકો સહિત મોટી સંખ્યામાં મારો જિલ્લો વાવ- થરાદ, મારુ સમર્થન વાવ- થરાદ જિલ્લાને વિગેરે બેનર સાથે રેલી યોજી પ્રાંત કચેરીએ જઈ આવેદનપત્ર આપી સમર્થન જાહેર કર્યું હતું.



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

## સંક્ષિપ્ત સમાચાર

### મીઠાઘરવા હાઈસ્કૂલ નું ગૌરવ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧

વિજ્ઞાન મેળામાં ઉત્તર ગુજરાત ઝોન કક્ષાએ વિજેતા થઈને રાજ્ય કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪-૨૫ માં ઉત્તર ગુજરાતનું પ્રતિનિધિત્વ વલસાડ મુકામે કરશે. વિશ્વની સમસ્યા એવા ઉર્જા અને પ્રદૂષણના નિર્માણ માટે હાઈડ્રોજન પ્લાન્ટ અને હાઈડ્રોજન કારની કૃતિ રજૂ કરીને વિશ્વની સમસ્યા નિવારવા માટે નવો રાહ રજૂ કરશે.શાળાના ખૂબ જ ઉત્સાહી વિજ્ઞાન શિક્ષક શ્રી રમેશભાઈ એફ ચૌધરી ના રાહબર નીચે ઝાલા યુવરાજ અને પટેલ મિહિર કૃતિ રજૂ કરી શાળાના આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ ,શાળા પરિવાર અને મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ અને મંત્રી શ્રી રજનીભાઈ પટેલ અને પૂર્વ પ્રમુખ શ્રી ચેલાભાઈ પટેલ સાહેબે તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા

### વિસનગર શહેરમાં ગુંદીખાડ વિસ્તારમાં પીવાના પાણીનો વેડફાટ



(ગરવી તાકાત) મહેસણા તા.૧

વિસનગર શહેર ની ભાજપ શાસિત નગરપાલિકા ના શાશન માં એકબાજુ લોકો પીવા ના પાણી માટે વલખાં મારી રહ્યા છે ત્યારે આજે શનિવારે સવારે શહેરના ગુંદી ખાડ વિસ્તારમાં થી પીવા ના પાણી નો રેલો છેક માયા બજાર થઈ ને સવાલા દરવાજા સુધી પહોંચ્યો હતો. શહેર ના કેટલાક વિસ્તારોમાં થી આંતરે સમયે મહિલાઓ ના ટોળા પાણી ની માંગણી માટે નગરપાલિકા કચેરી ખાતે રજૂઆત કરવા માટે આવતા હોય છે ત્યારે આજે શહેરના ગુંદી ખાડ વિસ્તારમાં થી આ રીતે વહેતા પાણી ના રેલા ને કારણે માયા બજાર ના વેપારીઓ માં ભારે આક્રોશ જોવા મળી રહ્યો હતો અને ચર્ચા કરી રહ્યા હતા કે આવો તો કેવો વહીવટ ચાલી રહ્યો છે કે એક બાજુ પાણી નો કકળાટ થાય અને બીજી બાજુ આ રીતે વહેલી સવાર થી જ પાણી ના પુષ્કળ પ્રમાણમાં બગાડ થાય ખરેખર આવો ઉત્તમ વહીવટ ક્યારેય જોયો નથી..

### વિસનગર શહેરની શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી બીસીએ કોલેજમાં ફુડ ફેટસ્ટિવલનું આયોજન



(ગરવી તાકાત) મહેસાણા તા.૧

વિસનગર શહેર ની શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી બી.સી.એ. કોલેજમાં આજે તા ૧-૨-૨૫ ને શનિવાર ના રોજ ફૂડ ફેસ્ટિવલ નું આયોજન કોલેજ ના કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. આજના કાર્યક્રમમાં શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળનામંત્રી શ્રી નિકેતુભાઈ મણીઆર ના હસ્તે શુભારંભ કરી ને આ ફૂડ ફેસ્ટિવલ નો રીબીન કાપીને ખુલ્લો મુક્યો હતો. આપણા દેશમાં અને એમાંય ખાસ કરીને ગુજરાતી ઓ તો જુદી જુદી સ્વાદિષ્ટ વાનગીઓ ખાવા ના શોખીન હોય જ છે અને આજ ના સમયમાં દરેક વ્યક્તિ વિવિધ પ્રકારની ખાણીપીણી ના શોખીન હોય જ છે. ત્યારે આજે શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી બી.સી.એ. કોલેજ ના વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ એ ઉત્સાહ પૂર્વક અલગ અલગ વાનગીઓ ના સ્ટોલ બનાવી ને સૌ ને સ્વાદિષ્ટ સ્વાદ ચખાડ્યો હતો અને જીવનમાં ઉપયોગી એવી માહિતી પ્રિન્સીપાલ શ્રી પરેશભાઈ પટેલ દ્વારા પ્રાપ્ત કરી હતી. આજ ના ફૂડ ફેસ્ટિવલ કાર્યક્રમ ની સફળતા માટે ટ્રસ્ટી મંડળ. કર્મચારી ગણ. તથા વિદ્યાર્થીઓ એ સાથ અને સહકાર આપ્યો હતો .સમગ્ર કોલેજ ના પ્રોફેસર શ્રી ઓ એ હાજર રહીને વિદ્યાર્થી લક્ષી કાર્યક્રમ સંસ્થામાં સતત થતા રહે તે માટે વિદ્યાર્થી ભાઈ બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.

### નવ દિવસથી ભૂખ્યા-તરસ્યા કૂતરાને નવજીવન મળ્યું:જીવદયા ટીમે રહેડા ગામમાં શ્વાનના મો પર ફસાયેલો પ્લાસ્ટિકનો ડબ્બો દુર કર્યો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧

વડાલી તાલુકાના રહેડા ગામમાં એક કરુણ અને સાથે સાથે માનવતાભર્યો કિસ્સો સામે આવ્યો છે. એક શ્વાનના મો પર પ્લાસ્ટિકનો ડબ્બો ફસાઈ જતાં તે છેલ્લા ૯ દિવસથી કશું ખાઈ-પી શકતું ન હતું. આ દયનીય સ્થિતિની જાણ ઈડર તાલુકાના ગંભીરપુરા જીવદયા ટીમને થતાં તેઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. ગંભીરપુરા જીવદયા ટીમના ઉપેન્દ્રસિંહ પરમારના નેતૃત્વમાં ટીમે સમગ્ર ગામમાં ફરીને શ્વાનને શોધ્યું હતું. ભારે જહેમત બાદ શ્વાનને પકડીને તેના મો પરથી પ્લાસ્ટિકનો ડબ્બો સફળતાપૂર્વક દૂર કર્યો હતો. આ માનવતાભર્યા કાર્યમાં રાજ સગર, ધવલભાઈ અને નિલેશભાઈ સહિતની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્થાનિક ગ્રામજનોએ પણ આ બચાવ કામગીરીમાં સક્રિય સહયોગ આપ્યો હતો.મુક્ત થયા બાદ શ્વાન ત્યાંથી દોડી ગયું હતું.

Volume : 10 Issue : 301 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002